# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-02-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

******************************************************

**1)** ભાજપે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં 70 પૈકી 45 બેઠકો ઉપર ભવ્ય વિજય મેળવ્યો છે. અને ત્રણ બેઠકો પર ભાજપનાં ઉમેદવારો સરસાઈ ધરાવે છે.

**2)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીને વિકાસની નવી ઉંચાઈએ લઈ જવાં ભાજપમાં દર્શાવેલા વિશ્વાસ માટે દિલ્હીનાં નાગરિકોનો આભાર માન્યો- અન્ય અગ્રણીઓએ પણ પ્રતિભાવો આપ્યાં છે.

**3)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમવારથી ત્રણ દિવસ ફ્રાન્સના પ્રવાસે જશે

**4)** કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલયે, ભારતીય નૌકાદળ માટે અદ્યતન ટેક્નોલોજીવાળા 14 જહાજ ખરીદવા માટે ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ સાથેના સમજૂતી કરાર કર્યાં છે.

**5)** ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાત મહાનગરપાલિકાઓમાં મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ખેડૂત બજારનો અમદાવાદ ખાતેથી આજે આરંભ કરાવ્યો.

**6)** ઉત્તરાખંડમાં ચાલી રહેલા રાષ્ટ્રીય રમતોત્સવમાં સર્વિસેસની ટીમ 39 સુવર્ણ ચંદ્રક સાથે પહેલા સ્થાને જ્યારે કર્ણાટક 30 સુવર્ણ ચંદ્રક સાથે બીજા સ્થાને છે.

.............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# DELHI ELE.RESULT

ભાજપે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં 70 પૈકી 45 બેઠકો ઉપર ભવ્ય વિજય મેળવ્યો છે. અને ત્રણ બેઠકો પર ભાજપનાં ઉમેદવારો સરસાઈ ધરાવે છે. એવી જ રીતે આમ આદમી પાર્ટીએ 21 બેઠકો જીતી લીધી  છે. અને એક બેઠક પર સરસાઈ ધરાવે છે. કોંગ્રેસ પક્ષને એકપણ બેઠક મળી શકી નથી.

ભાજપનાં વિજેતા ઉમેદવારોમાં મહત્વનાં નામો આ મુજબ છે. – નવી દિલ્હી બેઠક પરથી પ્રવેશ વર્મા, રોહીણી બેઠક પરથી વિજેન્દ્ર ગુપ્તા, કરવાલ નગર બેઠક પર કપીલ મિશ્રા, રાજૌરી ગાર્ડન બેઠક પરથી મનજીન્દર સિંહ સીરસા, ગ્રેટર કૈલાશ બેઠક પરથી શિખા રોય.

આમ આદમી પાર્ટીનાં વિજેતા ઉમેદવારોમાં કાલકાજી બેઠક પરથી અતિશીં, સદરબજાર બેઠક પરથી સોમદત્ત, દિલ્હી કેન્ટ બેઠક પરથી વિરેન્દ્ર સિંહ.

આમ આદમી પાર્ટીનાં વરિષ્ઠ નેતા અરવિંદ કેજરીવાલ, મનિષ સિસોદિયા અને સૌરભ ભારદ્વાજનો આ ચૂંટણીમાં પરાજય થયો છે.

. . . . . . . . . . . . . . .

# MILKIPUR – BY ELECTION

ઉત્તરપ્રદેશ વિધાનસભાની મિલ્કીપુર બેઠકની પેટાચૂંટણીમાં ભાજપનાં ચંદ્રભાનું પાસવાને વિજય મેળવ્યો છે. તેમણે તેમના નજીકનાં હરિફ અને સમાજવાદી પક્ષનાં અજીત પ્રસાદને 61 હજાર 710 મતોથી પરાજય આપ્યો છે. સમાજવાદી પક્ષનાં નેતા અવધેશ પ્રસાદે ફૈજાબાદ લોકસભા બેઠકની ચૂંટણીમાં વિજય મેળવ્યા બાદ મિલ્કીપુર વિધાનસભાની બેઠકની પેટાચૂંટણી યોજાઈ હતી.

. . . . . . . . . . . . . . . .

# ELECTION RESULT REACTION -1

દિલ્હી વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો બાદ પક્ષનાં દિલ્હી ખાતેનાં વડામથકે કાર્યકરોને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પાટનગર દિલ્હીને વિકાસની નવી ઉંચાઈએ લઈ જવાં ભાજપમાં તેમણે દર્શાવેલા વિશ્વાસ માટે દિલ્હીનાં નાગરિકોનો આભાર માન્યો હતો.

► ભાજપનાં વરિષ્ઠ નેતા અને ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, અસત્ય વચનો દ્વારા તેમણે ગેરમાર્ગે દોરી શકાય નહીં તેવું દિલ્હીનાં નાગરીકોએ આ ચૂંટણીમાં બતાવી દિધું છે. તેમણે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનાં ભવ્ય વિજય માટે કાર્યકરોને અભિનંદન આપ્યાં હતાં.

► ભાજપનાં વરિષ્ઠ નેતા અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનાં વિજયને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં લોકોએ દર્શાવેલા વિશ્વાસ તરીકે ગણાવ્યો છે.

► નવી દિલ્હી વિધાનસભાની બેઠકનાં ઉમેદવાર પ્રવેશ વર્માએ જણાવ્યું હતું કે, દિલ્હીની ભાજપ સરકાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં વિકાસનાં દ્રષ્ટિકોણને દિલ્હીમાં અમલમાં મૂકશે. તેમણે વધુમાં કહ્યું કે,..1

## (બાઈટ – પ્રવેશ વર્મા, ભાજપનાં ઉમેદવાર)

# ELECTION RESULT REACTION -2

► આમ આદમી પક્ષનાં વડા અરવિંદ કેજરીવાલે દિલ્હી વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો અંગે પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે,...1

**(બાઈટ – અરવિંદ કેજરીવાલ)**

► કોંગ્રેસનાં નેતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, લોકોએ દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં પરિવર્તન માટે મતદાન કર્યું છે. અને કોંગ્રેસ પક્ષ આ પરિણામ અંગે આત્મચિંતન કરશે.

. . . . . . . . . . . . . . .

# PM FRANCE VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સોમવારથી ત્રણ દિવસ ફ્રાન્સના પ્રવાસે જશે. દરમિયાન શ્રી મોદી ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોં સાથે પેરિસમાં કૃત્રિમ બુદ્ધિમત્તા-A.I. સમિટની સહ-અધ્યક્ષતા કરશે.

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ આજે નવી દિલ્હીમાં આ અંગે માહિતી આપી. તેમણે કહ્યું, પ્રધાનમંત્રી આ મહિનાની 12 અને 13 તારીખે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ સાથે દ્વિપક્ષી બેઠક કરવા અમેરિકાની પણ પ્રવાસે જશે.

## (BYTE: ASHUTOSH KUMAR)

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# DEFENCE- CONTRACT

કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલયે, ભારતીય નૌકાદળ માટે અદ્યતન ટેક્નોલોજીવાળા 11 પેટ્રોલિંગ માટેનાં જહાજ અને કેડેટ તાલિમ માટેનાં ત્રણ જહાજ ખરીદવા માટે ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ સાથેના સમજૂતી કરાર ઉપર હસ્તાંક્ષર કર્યાં છે. આશરે 642 કરોડ રૂપિયાથી વધુનાં આ કરાર હેઠળ ભારતીય નૌકાદળને ઈલેક્ટ્રો ઓપ્ટીકલ અને થર્મલ ઈમેજ ટેક્નોલોજીવાળા પેટ્રોલિંગ માટેનાં 11 જહાજ અપાશે.આ પગલાંથી કેન્દ્ર સરકારનાં આત્મનિર્ભર ભારત અભિયાનને નવું બળ મળશે.

. . . . . . . . . . . . . . . .

# CM MILLET

ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની સાત મહાનગરપાલિકાઓમાં આજથી બે દિવસનાં 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ખેડૂત બજાર 2025'નો અમદાવાદ ખાતેથી આરંભ કરાવ્યો છે. તેમણે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના ફાયદાઓ તથા મહત્વ સમજાવીને રાસાયણિક ખેતી છોડીને ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવા અનુરોધ કર્યો છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડના અમદાવાદ જિલ્લાના ત્રણ અને જામનગર જિલ્લાના એક ગોડાઉન કોમ્પલેક્ષનું ઈ - લોકાર્પણ પણ કર્યું હતું.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતના વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે સુરત જિલ્લા કક્ષાના ‘મિલેટ્સ મહોત્સવને ખૂલ્લો મૂક્યો હતો.

જ્યારે ભાવનગરના જવાહર મેદાન ખાતે કેબિનેટ મંત્રી કુંવરજીભાઇ બાવળીયાએ મિલેટ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.

. . . . . . . . . . . . . . .

# NATIONAL GAMES

ઉત્તરાખંડમાં ચાલી રહેલા રાષ્ટ્રીય રમતોત્સવમાં સર્વિસેસની ટીમ 39 સુવર્ણ ચંદ્રક સાથે પહેલા સ્થાને જ્યારે કર્ણાટક 30 સુવર્ણ ચંદ્રક સાથે બીજા સ્થાને છે. આજથી આ રમતોત્સવમાં એથલેટિક્સ સ્પર્ધાનો આરંભ થયો છે. પુરુષોના વિભાગની 10 હજાર મીટર દોડની સ્પર્ધામાં હિમાચલ પ્રદેશના સવાન બરવાલે સુવર્ણ ચંદ્રક જીતી લીધો છે, જ્યારે મહારાષ્ટ્રના કિરણ મ્હાત્રેએ રજત ચંદ્ર અને મધ્યપ્રદેશના વિનોદ સિંહે કાંસ્ય ચંદ્રક જીત્યો છે. મહિલાઓના વિભાગમાં મહારાષ્ટ્રની સંજીવની જાધવે સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે.

. . . . . . . . . . . . . . . .

# CRICKET- 2ND ODI

પ્રવાસી ઈંગ્લેન્ડ અને ભારત વચ્ચે બીજી એકદિવસીય મેચનો આવતીકાલે કટકમાં ભારતીય સમય મુજબ બપોરે દોઢ વાગે આરંભ થશે.

ઉલ્લેખનીય છે કે, ત્રણ એકદિવસીય મેચોની શ્રેણીની નાગપુરમાં રમાયેલી પહેલી ક્રિકેટ મેચમાં ભારતે વિજય મેળવીને 1-0 થી સરસાઈ મેળવી છે.

. . . . . . . . . . . . . . . .

# MANDAVIYA-BIMSTEC YOUTH SUMMIT

ભારતમાં નોંધાયેલા 1 લાખ 57 હજારથી વધુ સ્ટાર્ટઅપ્સમાં આશરે 48 ટકા જેટલા સ્ટાર્ટઅપ્સમાં ઓછામાં ઓછા એક મહિલા ડિરેક્ટરનો સમાવેશ થાય છે. આ બાબત દેશની સમૃદ્ધ અને સર્વસમાવેશક સ્ટાર્ટઅપ વ્યવસ્થાને પ્રતિબિંબિત કરે છે. કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ગાંધીનગરમાં BIMSTEC યુવા સમિટ 2025નો આરંભ કરાવતા આ મુજબ જણાવ્યું હતું. તેમણે ભારત વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમની સૌથી મોટી સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ ધરાવે છે. તેમણે ઉમેર્યું કે ઉદ્યોગસાહસિકતા, રમતગમત, શૈક્ષણિક સંસ્થાઓ અને ટેકનોલોજીને સંકલિત કરીને સ્ટાર્ટઅપ વ્યવસ્થા અંગે ભવિષ્ય માટે તૈયાર નેટવર્ક ઊભું કરશે. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

. . . . . . . . . . . . . . .

# REV. BANGLADESH: AWAMI LEAGUE

બાંગ્લાદેશનાં ગાઝીપુર ખાતે તોફાની તત્વોએ ભૂતપૂર્વ મંત્રી મોઝામલ હકનાં નિવાસસ્થાને હુમલો કર્યો હતો. જોકે સ્થાનિકોએ તોફાની તત્વોનો વિરોધ કરતાં સંઘર્ષ થયો હતો.બાંગ્લાદેશની સેનાનાં જવાનોએ ત્વરિત કામગીરી કરીને પરિસ્થિતી નિયંત્રણમાં લીધી હતી. અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં લઈ જવાયા હતાં.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા ત્રણ દિવસમાં આ પ્રકારની ઘટનામાં સ્થાનિક નાગરિકોએ પહેલીવખત તોફાની તત્વોનો વિરોધ કર્યો હતો. દરમિયાન આંતરરાષ્ટ્રીય પારદર્શી વ્યવસ્થા સંસ્થાએ બાંગ્લાદેશમાં થઈ રહેલી આ પ્રકારનાં તોફાનોની ઘટનાઓ અને સરકારની કથિત નિષ્ક્રિયતાને વખોડી કાઢી છે.

. . . . . . . . . . . . . . .

# ISRAEL -HOSTAGE RELEASE

ઈઝરાયેલે ગાઝાપટ્ટી વિસ્તારમાં ગયા મહિનાથી અમલમાં આવેલ યુદ્ધવિરામની શરતો મુજબ પેલેસ્ટીની બંદીઓને છોડવાની શરૂઆત કરી છે. ઉલ્લેખનીય છે કે, હમાસે ત્રણ ઈઝરાયેલી બંધકોને મુક્ત કર્યાં પછી ઈઝરાયેલે આ કામગીરી શરૂ કરી છે. આંતરરાષ્ટ્રીય મધ્યસ્થીઓનાં કારણે અમલમાં મૂકાયેલ યુદ્ધવિરામનો હેતુ મધ્યપૂર્વ વિસ્તારમાં હિંસાનું પ્રમાણ ઘટાડવાનો છે.

દરમિયાન ઈઝરાયેલ સરકારનાં નિવેદનમાં જણાવ્યું છે કે, યુદ્ધવિરામની શરતો મુજબ હાથ ધરાયેલ બંધકોની મુક્તિને ગાઝા વિસ્તારમાં ઈઝરાયેલનાં વલણમાં થયેલા ફેરફાર તરીકે જોવું જોઈએ નહીં.

. . . . . . . . . . . . . . .